રે.દિ.મુ.નં.૦૩/૨૦૨૨

<u>પ્રતિવાદી તર્ફેની આંક–૧૬ ની વાદીના દાવા અરજી તથા આંક–૫ ની મનાઈ હુકમની અરજી વિરુધ્ધ જવાબ રજુ રાખવા માટેની મુદૃત અરજી લગત હુકમ:–</u>

અરજી વંચાણે લીધી. હાલના દાવાનુ રેકર્ડ વંચાણે લીધુ.આ કામે પ્રતિવાદીને હાલના દાવાનો સમન્સ આંક–૮ થી તા.૨૭/૧/૨૦૨૨ ના રોજનો તથા આંક–૫ ની મનાઈ અરજીની નોટીશ આંક–૯ થી તા.૨૭/૧/૨૦૨૨ ના રોજ ધોરણસર બજી ગયા બાદ પ્રતિવાદી તર્ફે આંક–૧૩,આંક–૧૪, આંક–૧૫ થી વાદીની દાવા અરજી તથા મનાઈ અરજી વિરુધ્ધ જવાબ રજુ રાખવા માટે આશરે પાંચ માસ ઉપરાંત નો સમય આપેલ હોવા છતા પણ દરેક મુદૃત અરજીમાં દાવા સબંધી પેરા વાઈઝ રીમાકર્સ તથા જરુરી માહીતી મેળવાની હોય જવાબ રજુ થઈ શકેલ નથી તેવુ કારણ દર્શાવી મુદૃતની માંગણી કરેલ છે. સી.પી.સી. ની જોગવાઈઓ ધ્યાને લેતા દાવાનો સમન્સ બજી ગયા બાદ દિન–૩૦ માં જવાબ રજુ કરવા અંગેની જોગવાઈને ધ્યાને લેતા આ કામે પ્રતિવાદી વિ.વ.શ્રી ને દાવા અરજી તથા મનાઈ અરજી નો જવાબ રજુ કરવા અંગે પાંચ માસ ઉપરાંત નો પુરતો ,વ્યાજબી અને ન્યાયી સમય આપેલ હોવા છતાં પણ જવાબ રજુ રાખેલ ન હોય વધુ સમય આપી શકાય તે ન હોય પ્રતિવાદી ની અરજી નામંજુર કરી,વાદીની દાવા અરજી તથા મનાઈ અરજી વિરુધ્ધ પ્રતિવાદીનો જવાબ રજુ રાખવાનો હકક બંધ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૨૨ મી માહે.જુન સને ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

(એન.જી.સુરતી)
પ્રિન્સી.સીની.સીવીલ જજ
દાહોદ